# સરાક-જાતિ

卐

—પ્રભાકરવિજય

॥ अर्हम् ॥

नमो नमः श्रीप्रभुधर्मसूरये ।

# સરાક-જાતિ

લેખકઃ—

મુનિરાજ શ્રી પ્રભાકરવિજયજી.

પ્રથમાવૃત્તિ

૨૦૦૦

વીર સં. ૨૪૬૨ : ધર્મ સં. ૧૪. : વિક્રમ સં. ૧૯૯૨

પ્ર કા શ ક
પ્રેસીડેન્ટ. શિવલાલ કાલીદાસ મહેતા
શ્રી જૈનધર્મ પ્રચારક સભા
( માનભુમ સરાક (શ્રાવક) કમેટી. )
ઝરીયા.

મુદ્રક
શેઠ દેવચંદ દામજી
ધી આનંદ પ્રેસ—ભાવનગર.

કલકત્તા નિવાસી

## સ્વ. ધર્મપ્રિય શેઠ વલ્લભજી મોરારજી

ના

# સ્મરણાર્થે–

## શા. વનરાવન મોરારજી

તરફથી ૧૦૦૦ કોપી

# ભેટ

સરાક જાતિને જૈન ધર્મનું અનેક કષ્ટો સહન
કરી જ્ઞાન આપનાર



પરમપૂજ્ય-ન્યાયવિશારદ-ન્યાયતીર્થ-ઉપાધ્યાય
શ્રી મંગલવિજયજી મહારાજ

# બે—બોલ

પ્રથમ સં. ૧૯૮૯ ના કલકત્તા ચાતુર્માસમાં ધર્મ-પ્રિય બાબૂ બહાદૂરસિંહજી સિંધી સાથેના વાર્તાલાપ દરમ્યાન આ તરફમાં સરાક જાતિ હોવાનું જાણ્યું. અને તે વખતે તેઓએ **પરમપૂજ્ય--ન્યાયવિશારદ ન્યાય-તીર્થ ઉપાધ્યાય શ્રી મંગલવિજયજી મહારાજ સાહેબને** સરાક જાતિમાં વિચરવા માટે વિનંતિ કરેલ.

પરન્તુ અમો ચાતુર્માસ બાદ વિહાર કરી યાત્રાર્થે તીર્થાધિરાજ શ્રી સમ્મેતશિખરજી ( મધુવન ) આવ્યા, અને પહાડ ઉપર યાત્રા કરતાં ઉપરનાં જિનમન્દિરોને ભગ્નાવસ્થામાં જોઇ હૃદયમાં આઘાત થયો અને તેથી ત્યાં આવતાં યાત્રાળુઓને જીર્ણોદ્ધાર માટે ઉપદેશ આપવાનું કાર્ય કર્યું. બાદમાં સં. ૧૯૯૦ નું ચાતુર્માસ કોઠારી મોહનલાલ અને કોઠારી મણીલાલ રાઘવજીની વિનંતિથી બેરમો ( હજારીબાગ ) ગામમાં કરી, પુનઃ યાત્રાર્થે શ્રી સમ્મેતશિખરજી આવ્યા. અને પુનઃ યાત્રાળુઓને જીર્ણોદ્ધાર માટે ઉપદેશ આપવો ચાલુ રાખ્યો. તે દરમ્યાન પાવાપુરી તીર્થના ઓ. મેનેજર ધર્મપ્રિય બાબૂ ધન્નુલાલજી સુચન્તી શિખરજી આવ્યા અને પૂજ્ય મહારાજશ્રીને ચાતુર્માસ માટે વિનંતિ કરી. તથા પાવાપુરીના વિલાયતમાં ચાલતા દિગમ્બરો સાથેના કેસની વાત કરી જણાવ્યું કે પૈસાના અભાવે પ્રીવી કૌંસીલમાં ચાલતા કેસ માટે કોઇને વિલાયત મોકલી શકાય તેમ નથી. અને તેથી ઉપદેશદ્વારા મદદ કરાવવા વિનંતિ કરી. આથી સં. ૧૯૯૧ નું

ચાતુર્માસ બિહારશરીફમાં કર્યું. આ ચાતુર્માસમાં મુંબઇ તથા રંગુન સંઘ ઉપર પત્રો લખી આપી બાબૂ ધન્નુલાલજીના સુપુત્ર બાબૂ જ્ઞાનચંદજીને તથા બાબૂ લક્ષ્મીચન્દ્રજીના સુપુત્ર બાબૂ વિજયસિંહજી વિગેરેને રંગુન અને બાબૂ જવાહરલાલજીને મુંબઇ મોકલ્યા. આથી રંગુન શ્રી સંઘે તથા મુંબઇ મન્દિરોના ટ્રસ્ટીઓ તરફથી રૂા. નવથી દસ હજારની મદદ કેસ માટે મળી. અને તેથી સત્યવક્તા ધર્મ-પ્રિય બાબૂ લક્ષ્મીચન્દ્રજી સુચન્તીના સુપુત્ર બાબૂ ઇન્દ્રચન્દ્રજી સુચન્તી એડવોકેટ વકીલને વિલાયત પ્રીવી કૌંસીલમાં ચાલતા કેસ માટે મોકલ્યા. શાસનદેવની કૃપાથી સફલતા પ્રાપ્ત થઇ.

પાવાપુરીમાં દીપમાલિકાના શુભ દિવસે ધર્મપ્રિય બાબૂ બહાદૂરસિંહજી સિંધીજીએ આ જાતિની તપાસ કરવા અને આ જાતિમાં વિચરવા પુનઃ પ્રેરણા કરી. તેથી ચાતુર્માસ બાદ શિખરજી તીર્થની યાત્રા કરી, ઝરીયા આવી, સરાક જાતિની તપાસ કરવા ભજુડી આવ્યા. અને ત્યારબાદ જેમ જેમ સરાક જાતિની તપાસ કરતા ગયા તેમ તેમ આ જાતિનાં માણુસોથી નવું નવું જાણુવાનું મલતું ગયું. અર્થાત્ સરાક જાતિનાં થોડાક ગામોમાં વિચરી, આ જાતિના આચાર-વિચાર-રીતરિવાજો વિગેરે જાણી આ ટ્રેક્ટ રૂપે આજ સમાજ સમક્ષ ધરવામાં આવે છે, જેમાં........

સરાક જાતિનો વાસ્તવિક અર્થ-સરાક જાતિ હાલ ક્યાં છે?-સરાકજાતિના ગોત્રો-સરાક જાતિના કુળદેવ-સરાક-જાતિની ઉપાધી-સરાકજાતિમાં રહેલું જૈનત્વ-પ્રાચીન જિન

મન્દિરોના ભગ્નાવશેષો—સરાક જાતિ ઉપર અન્ય ધર્મીઓનો પ્રભાવ અને જૈનધર્મોપદેશકોનો અભાવ—સરાક જાતિનો વ્યવસાય અને આર્થીક સ્થિતિ —સરાક જાતિમાં શિક્ષાનો અભાવ—સરાક જાતિમાં બંગાલીઓનો ચેપ—સરાક જાતિના હ્રાસનાં મુખ્ય કારણો—જૈનોએ આ પોતાના પૂર્વના સાધર્મીઓને અપનાવવા શું કરવું જોઇએ ? વિગેરે વિષયોમાં સરાક જાતિમાં મેં મારા પૂજ્ય ગુરૂમહારાજ સાથે વિહાર કરી મેળવેલ બીનાઓ આ લેખમાં આપી છે. આ સિવાય—

પરિશિષ્ટ નં. ૧ માં ધર્મપ્રિય બાબૂ ગણેશલાલજી નાહટાના સૌજન્યથી પ્રાપ્ત થએલ ઉડીસા ગેઝેટીયર સં. ૧૯૦૮ માં છપાયેલ સરાક જાતિ પર પ્રકાશ પાડતો એક લેખ આપેલ છે. તેનો અનુવાદ પણ વાંચકની અનુકૂળતા માટે ગુજરાતીમાં આપેલ છે.

પરિશિષ્ટ નં. ૨ માં સં. ૧૯૯૨ના પોષ માસથી અત્યાર સુધી થએલ પ્રચારની આછી રૂપરેખા ટૂંક રૂપે આપી છે.

પરિશિષ્ટ નં. ૩ માં પરમપૂજ્ય ન્યાયવિશારદ-ન્યાયતીર્થ—ઉપાધ્યાય શ્રી મંગલવિજયજી મહારાજ સાહેબના ઉપદેશથી કલકત્તા અને ઝરીયામાં સ્થપાએલ શ્રી જૈન ધર્મ પ્રચારક સભા યાને સરાક જાતિ પ્રચારક કમીટીના સભ્યોનું લીસ્ટ આપ્યું છે કે જેથી આ શુભ કાર્યમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરનાર વ્યક્તિ નિઃસંકોચ ભાવથી આ કમીટીદ્વારા આ પોતાના હજારો વર્ષથી અલગ પડેલા સાધર્મીબન્ધુઓમાં પ્રભુ શ્રી મહાવીરનાં તત્ત્વોનો પ્રચાર કરવામાં મદદરૂપ થઈ શકે.

સંવત ૧૯૯૨ ની સાલનું ચાતુર્માસ સરાક જાતિનાં ગામમાં ભજુડી ( માનભૂમ જીલ્લા ) માં કર્યું હતું કારણ કે અહીં અને તેની આસપાસ બે ત્રણ માઇલમાં સરાક જાતિનાં લગભગ ૨૦૦–૩૦૦ ઘરો હોવાથી આ જાતિમાં વિશેષ લાભ થઇ શકે.

મેં આ ટ્રેકટમાં જે કંઇ તપાસ કરી લખ્યું છે. તે માત્ર માનભૂમ જીલ્લાના એક જ ભાગની તપાસ કરી લખેલ છે, પરન્તુ આ જાતિના અલગ અલગ જીલ્લાઓમાં ઘણા વિભાગો છે અર્થાત્ આખા પૂર્વદેશમાં ફેલાયેલી છે.

સરાક જાતિની જે કંઇ આછી રૂપરેખા આ ટ્રેકટમાં આલેખવામાં આવી છે. તેનું શ્રેય ધર્મપ્રિય બાબૂ બહાદૂરસિંહજી સિંઘી કલકત્તાનિવાસીને ઘટે છે કે જેમણે પં. સોમચંદ અમીચંદદ્વારા સરાક જાતિમાં વિચરવા યોગ્ય પ્રબન્ધ કર્યો છે તથા ઝરીયાનિવાસી ધર્મપ્રિય બાબૂ કાલીદાસ જસરાજે તન–મન–ધન સાથે હરેક રીતે સહાયતા આપી છે.


આ ટ્રેકટ લખવાનો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે ગુજરાત, કાઠિઆવાડ, કચ્છ, મારવાડ, પંજાબ, દક્ષિણ વિગેરે દૂર દેશોમાં વસતા જૈન ભાઇઓ પોતાના હજારો વર્ષથી અલગ પડેલા ભાઇઓને પુનઃ શુદ્ધ માર્ગે લાવવામાં ઉપર્યુક્ત સંસ્થાઓને સહાયતા–સહાનુભૂતિ અર્પણ કરે.

વીર સં. ૨૪૬૩ — એજ ઇચ્છતો—

ફાલ્ગુન શુકલા ૧૫ — —પ્રભાકરવિજય.

શ્રી સમ્મેતશિખર

## બંગાલમાં જૈન ધર્મની પ્રાચીનતાનો ખ્યાલ
## પ્રાચીન ભવ્ય મૂર્તિ



આ પ્રાચીન મૂર્તિ ભજૂડીથી એક માઈલ દૂર ઈજરી નદીના તટ પર ઝાડીમાં બિરાજમાન છે. આ મૂર્તિ પરિકરવાળી છે. તેની સમજણુ નીચે મુજબ છે.

પ્રતિમાની બાજૂમાં બે મૂર્તિઓ ચામરધારી દેવોની, બે નાગ દેવોની, બે ભૂતની, બે યક્ષની અને બે ઊભી છે તે આજ્ઞાધારક દેવોની છે. એમ કુલ દસ છે. (આ પ્રમાણે જિનમૂર્તિની બાજૂની દેવોની મૂર્તિઓનું વર્ણન જીવાભિગમ સૂત્રમાં ત્રીજી પ્રતિપત્તિ બીજા ઉદ્દેશામાં કરવામાં આવ્યું છે. આ મૂર્તિના કાનમાં કુંડલનો દેખાવ હોવાથી અને બાજૂમાં અંબિકા દેવીની મૂર્તિ હોવાથી શ્વેતાંબર મૂર્તિ જ જણાય છે.) જેનું વિવેચન જુઓ પેજ નં.      માં.

## પ્રચારકાર્યની સફળતા

પરમ પૂજ્ય ન્યાયવિશારદ-ન્યાયતીર્થ-ઉપાધ્યાય શ્રીમંગળવિજયજી મહારાજ સાહેબની સાથે રહી



જીવવિચાર—સામાયિક—દેવવંદન—ગુરૂવંદનનો અભ્યાસ કરનાર સરાક હરિપદમાજી ( હરિશ્ચન્દ્ર જૈન ) મધુવન જિનમન્દિરમાં પૂજા કરવા જતાં.

ધર્મપ્રચારાર્થે

સરાક જાતિના ગામમાં
ન્યાયવિશારદ-ન્યાયતીર્થ-ઉપાધ્યાય
શ્રી મંગલવિજયજી મહારાજ સાહેબ
અને
આ ટ્રેકટના લેખકે



ભજૂડી નામના નાના ગ્રામમાં વીર સં. ૨૪૬૨
માં કરેલ ચાતુર્માસવાળું નાનું મકાન.

## પ્રાચીન જિનમન્દિરોના અવશેષો

## શ્રી શીતલનાથ પ્રભુનું ચૌમુખજી



આ શ્રી શીતલનાથ ભગવાનનું ચૌમુખજી સરાક જાતિના મોહાલ ગ્રામના જંગલમાંથી ખંડિત અવસ્થામાં પ્રાપ્ત થયેલ છે. તેની નીચે  આ પ્રમાણે લંછન જણાવવામાં આવેલ. ઘણા વિદ્વાનોનો મત છે કે આ લંછન શ્રીવચ્છ લંછન છે.

॥ अर्हम् ॥

नमो नमः श्रीप्रभुधर्मसूरये ।

# સરાક-જાતિ.

યાને

## દેવાધિદેવ શ્રી પાર્શ્વપ્રભુ અને શ્રી મહાવીરસ્વામી ભગવાન

### ના સમયના શ્રાવકોના વંશજોની

## વિચારણીય પરિસ્થિતિ

આ સરાક જાતિનું વિવેચન લખવા પહેલાં હાલના શ્રાવકો માટે બે શબ્દ લખું તો અસ્થાને નહીં ગણાય.

**વર્તમાન શ્રાવકો—**

અત્યારના જૈન શ્રી સંઘમાં ઓશવાલ ( દસા-વીસા ), પોરવાલ ( દસા-વીસા ) શ્રીમાળી ( દસા-વીસા ) ભાવસાર, પાટીદાર, ખડાયતા, લુહાણા, મણીયાર, ક્ષત્રિય, ખત્રી વિગેરે અનેક જાતિએ અને પેટાજાતિઓ નજરે પડે છે. તેમાં હાલના દરેક શ્રાવકો ભગવાન શ્રી મહાવીર-સ્વામીના નિર્વાણ બાદ અમુક સમય પછી પૂર્વાચાર્યોએ

શુદ્ધિ કરી બનાવેલા છે. જેમકે ઓશવાલોની શુદ્ધિ આચાર્યશ્રી રત્નપ્રભસૂરિજીએ કરી. શ્રીમાલોની શુદ્ધિ આચાર્ય શ્રી ઉદયપ્રભસૂરિજીએ કરી. તેવી રીતે બીજી જાતિઓ જેમ જેમ પૂર્વાચાર્યોના પ્રભાવમાં આવતી ગઈ તેમ તેમ શુદ્ધ ધર્મ તરફ આકર્ષાણી હોય તેમ જણાય છે. હવે એ વિચારવું જરૂરનું છે કે હાલ જે જૈનો ગુજરાત–કાઠિયાવાડ, કચ્છ, મારવાડ, પંજાબ વિગેરે દેશોમાં મોજુદ છે તે પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણ બાદ અમુક સમય પછી પૂર્વાચાર્યોએ શુદ્ધિ કરી બનાવેલા છે, તો દેવાધિદેવ શ્રી પાર્શ્વપ્રભુ અને શ્રી મહાવીર-સ્વામીના સમયમાં જે કરોડો શ્રાવકો હતા તેની વંશ-પરંપરાના શ્રાવકો ક્યાં ગયા ?

દેવાધિદેવ શ્રી પાર્શ્વપ્રભુ અને શ્રી મહાવીરસ્વામી ભગવાન વિશેષ કરીને પૂર્વદેશમાં વિચરેલા છે, પરન્તુ આ સ્થળે જે જૈનો હાલમાં મોજુદ છે તેઓ પણ ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ વિગેરેમાંથી આવી વસેલા છે; જ્યારે રાજગૃહી, વૈશાલાનગરી, પાટલીપુત્ર, ચંપા, તુંગીયાનગરી વિગેરે સ્થળોમાં લાખો–કરોડો શ્રાવકો હતા તેનો હ્રાસ કેમ થયો ? શા કારણથી થયો ? તે સ્વાભાવિક રીતે ઉપસ્થિત થતા પ્રશ્નો ઉપર આ સરાક જાતિ અનેરો પ્રકાશ પાડે છે.

**સરાક શબ્દનો વાસ્તવિક અર્થ—**

શ્રાવક–સાવક–સરાવક–સરાક આવી રીતે શ્રાવક-

શબ્દનો અપભ્રંશ થએલો જણાય છે; પરન્તુ સરાક શબ્દનો વાસ્તવિક અર્થ શ્રાવક જ છે.

**આ સરાક જાતિ હાલ ક્યાં છે ?**

આ સરાક (શ્રાવક) જાતિમાંના વૃદ્ધ પુરૂષોને પ્રશ્ન કરતાં તેઓ જણાવે છે કે અમારા વંશજો રાજગીર, પટના અને બીહાર વિગેરે સ્થળો તરફથી કોઈ પણ કારણને લઇ માનબજાર નામના શહેરમાં આવ્યા. અને ત્યારબાદ ત્યાંના રાજાના અત્યાચારથી આ તરફ (માન-ભૂમ જીલ્લામાં) આવીને વસ્યા છીએ. તેઓ હાલ જે જે ગામમાં છે તેમાંથી થોડાં ગામો નીચે આપવામાં આવે છે.

| ગામનું નામ | ઘર સંખ્યા | ઝરીયાથી દૂર માઇલ |
|---|---|---|
| ભજુડી | ૯ | ૮ |
| ઈચછોર | ૧૦૦ | ૧૨ |
| કમલગડા | ૧૦૦ | ૧૨ |
| દોણોદા | ૪ | ૧૫ |
| તોદૂગાવ | ૮૦ | ૧૩ |
| ઓહડા | ૬૦ | ૧૫ |
| ઘાતકીડહા | ૧૦૦ | ૧૯ |
| ઠાકુરડી | ૧૦૦ | ૨૦ |
| દેવગ્રામ | ૧૫ | ૧૩ |
| બેલહટ | ૫૦ | ૧૪ |
| બેલૂંજા | ૧૦૦ | ૧૪ |
| મોહાલ | ૫૦ | ૧૨ |
| બાજરા | ૧૦૦ | ૫૦ |

આ સિવાય ઉપર મુજબનાં ગામોની આસપાસ જેમકે આમચાસર, પુતલીયા, કાંટાબની, ચુડમી, લખીપુર, સોરલ્યા, ઉદયપુર, કાલાહી, લખીયાવાવ, જબડસ, બાથનવાડી, સાંકડા, આસનબની, કુસડાબાદ, ચૌતાલા, સયાર, બનબેડીયા, ગોવીંદપુર, સુન્દરવનબાંધ, નંદાડા, સનાડા વિગેરે ગામો છે.

આ તરફના વિભાગમાં આ જાતિનાં ૩૬૦૦ થી ૩૮૦૦ ઘર છે. અને જનસંખ્યા લગભગ ૨૫૦૦૦ ની ગણાય છે. તે ઉપરાંત ઉડીસા× પ્રાન્તમાં તેમજ સીંગભૂમ+જીલ્લામાં અને ચક્રધરપુર રેલ્વે સ્ટેશનની આસપાસ સરાક–જાતિ હોવાનું માલૂમ પડે છે. આમ પૂર્વદેશમાં* આ જાતિ અનેક જગ્યાઓમાં વસેલી છે.

## સરાક જાતિનાં ગોત્ર—

આ જાતિના વૃદ્ધ પુરૂષોને પ્રશ્ન કરતાં તેઓ જણાવે છે કે અમો પ્રથમ જૈન હતા અને અમારી સરાક જાતિમાં આદિદેવ, ધર્મદેવ, શાન્તિદેવ, અનંતદેવ અને ગૌતમ ગોત્રના સરાકો છે. તેમાં સૌથી વિશેષ આદિદેવ ગોત્રના સરાકો છે.

આ ઉપરાંત તેઓમાં ઋષિદેવ ગોત્ર કહે છે, અર્થાત્

---

× જુઓ પરિશિષ્ટ નં. ૧

+ કલકત્તાનિવાસી બાબૂ નરેન્દ્રસિંહજીના પત્ર ઉપરથી.

* હજારીબાગ, સીંગભૂમ, વીરભૂમ, બાંકુડા, રાંચી, સંથાલપરગણા, મિદનાપુર વિગેરેમાં સરાક જાતિ વસે. છે.

ઋષભદેવને ઋષિદેવ કહે છે. વલી શાન્તિદેવને સાંડિલ્ય કહે છે. આ પણ શબ્દોના અપભ્રંશ થએલા જણાય છે.

× × × ×

તેઓને ગોત્રદેવના સમ્બન્ધમાં આદિદેવ–અનન્તદેવ–શાન્તિદેવ–ગૌતમ વિગેરે કોણ હતા એ પ્રશ્ન કરતાં તેઓ કહે છે કે અમે કંઇ જાણતા નથી.

**સરાક જાતિના કુળદેવ—**

સરાક જાતિમાં પાર્શ્વનાથને કુળદેવતા તરીકે માને છે. અને તેઓ જણાવે છે કે અમારા બાપદાદાઓ કુળદેવતાની યાત્રા કરવા પાર્શ્વનાથ પહાડ યાને સમ્મેત-શિખર તીર્થ જતા હતા.

પાર્શ્વનાથ પહાડ કુળદેવની યાત્રા કરવા કેમ નથી જતા ? તે પ્રશ્ન કરતાં જણાવે છે કે–અમો ત્યાં જઇએ તો અમારે ખાસ ખેતી નહીં કરવાની, બ્રહ્મચર્ય પાલન કરવાની વિગેરે પ્રતિજ્ઞાઓ અમારા બાપદાદાઓની માફક લેવી પડે અને અમે પ્રતિજ્ઞા લઇએ તો ખેતી નહીં કરવાથી શું ખાઇએ ?

ઉપર્યુક્ત કારણથી જણાય છે કે આ જાતિના પૂર્વજો જ્યારે યાત્રાર્થે પાર્શ્વનાથ (શિખરજી) જતા હશે ત્યારે જરૂર કંઇ કંઇ નિયમો અવશ્ય લેતા જ હશે. અને તે નિયમો લેવા જ જોઇએ આ આશયથી–આ ભીતિથી પાર્શ્વ-નાથ ( શ્રી સમ્મેતશિખર ) જવું જ બંધ કર્યું હોય તેમ જણાય છે.

## સરાક-જાતિની ઉપાધિ—

જેવી રીતે હાલના શ્રાવકોમાં ગાંધી–મહેતા–શાહ વિગેરે કહેવાય છે તેવી રીતે સરાક જાતિમાં તેઓમાંના મહાન પુરૂષોના કાર્યોને અંગે ચૌધરી–સિંહ–મોડલ–બાંદયા-પાતર–માંજી–ઓસ્ટમ વિગેરે ટાઇટલો છે. તેને સરાક જાતિ ઉપાધિ (પદવી) કહે છે. જેવી રીતે આપણામાં ઝરીયા-નિવાસી શિવલાલ કાળીદાસ **મહેતા** કહેવાય છે તેવી રીતે આ જાતિમાં અર્જૂન માંજી–તેજરાજ પાતર વિગેરે (મહાજન શબ્દમાંથી માંજી શબ્દ અપભ્રંશ થઈ ગયેલો જણાય છે.) આ ઉપાધિમાં વિશેષ સરાક માંજીની ઉપાધિવાલા છે.

## સરાક જાતિમાં રહેલું જૈનત્વ—

આ જાતિ પ્રથમ **શ્રાવક** હોવાનું નીચે મુજબનાં પ્રબલ કારણોથી માલૂમ પડે છે. કે જેઓએ પોતાનો પ્રાચીન આચાર મજબૂત રીતે પકડી રાખેલ છે. જુઓ:—

૧. સરાક જાતિમાં માંસાહાર તથા શરાબ (તાડી) નો ઉપયોગ નથી, અર્થાત્ આખી જાતિથી બંધ છે.

૨. આ જાતિમાં પ્યાજ (ડુંગળી) તથા લસણ જાતિથી જ બંધ છે. એક બચ્ચું પણ આ ચીજોનો ઉપયોગ ન કરે.

૩. ઉમરાં (ગુલર) વડ પીંપલના ટેટાઓ વિગેરે ચીજોનો આખી જાતિમાં ખાવાનો રિવાજ નથી.

૪. આ સિવાય આ જાતિમાં ભાજી કાપેલી હોય તો ખાવાનો રિવાજ નથી. યદિ જો ચુંટેલી હોય તો જ ઉપયોગ કરે છે.

૫. આ જાતિનો નાનો કે મોટો માણુસ કદી પણ માંસાહારી (બંગાલી) લોકોને ત્યાં નોકરી નહીં કરે કે જેથી પોતાનામાં એ દુર્ગુણો પ્રવેશ કરી શકે.

૬. આ જાતિમાં તોડવું-કાપવું-ચીરવું વિગેરે ઉગ્ર શબ્દો બોલવાનો રિવાજ નથી જેમકે આ જાતિનો કોઇ પણ માણુસ શાક સુધારવા બેઠો હોય અને બીજો કોઇ આવીને કહે કે કેમ ભાઇ શાક કાપો છો ? તો તે શાક કાપવા બેઠેલ ભાઇ શાક કાપવું છોડી દેશે; એટલું જ નહીં પરન્તુ તે શાક પોતાના ખાવાના ઉપયોગમાં નહીં લ્યે.

૭. આ જાતિ પોતાની જાતિ-સિવાય અન્ય જાતિના હાથનું પાણી પીતી નથી.

ઉપર્યુક્ત ઉચ્ચ વિચારો હજી પણ આ જાતિમાં મોજુદ છે. જેમ અત્યારે પાટણના જૈનો બજારમાં ચીરેલાં દાતણ હશે તો જ લેશે અને ચીરેલાં નહીં હોય તો નહીં લ્યે; કેમકે શ્રાવકોમાં તોડવું-કાપવું-ચીરવું વિગેરે ઉગ્ર શબ્દો બોલવાનો પણ રિવાજ નહીં હતો. અને તેથી પોતાના ઉપયોગમાં ન છૂટકે લેવાતી ચીજો પ્રત્યે પણ હૃદયમાં અનુકંપા ઉત્પન્ન થવાનાં આ ચિન્હો જ છે.

**પ્રાચીન જિનમન્દિરોના ભગ્નાવશેષો—**

માનભુમ જીલ્લો અને તેની આસપાસમાં અને

દામોદર નદીના કિનારા ઉપર પ્રાચીન જિનમન્દિરોના ભગ્નાવશેષો નજરે પડે છે. યદિ શોધખોળ માટે પ્રયાસ કરવામાં આવે તો પ્રાચીન મૂર્તિઓ–પ્રાચીન શિલ્પ અને ઐતિહાસિક અપૂર્વ સામગ્રી મળી આવવા સંભવ છે.

હાલમાં ભજૂડીથી એક માઇલ ઈજરી નદીના કિનારા પર એક પ્રાચીન જિનમૂર્તિ મળી આવી છે. અહીંના લોકો તેને કાળ ભૈરવ તરીકે માને છે, પૂજે છે.

આ મૂર્તિ સમ્બન્ધમાં કિંવદન્તિ—

નાગલા કરીને ત્યાંથી ત્રણેક માઇલ દૂર એક નાનું ગામ છે. આ ગામમાં એક માણસને સ્વપ્ન આવ્યું. અને તેણે સ્વપ્નમાં આ મૂર્તિનાં દર્શન કર્યાં. સ્વપ્નમાં તે માણસને કોઇ દૈવિક જણાવ્યું કે આ મૂર્તિ અહીંથી થોડે છેટે ધરામાં દટાએલ છે, માટે તેને કાઢી પૂજા કરો. પ્રાતઃકાલમાં તે ધરા પાસે જઇ જુએ છે તો મૂર્તિ અર્ધી જમીનમાં દટાએલી છે. પછી તેના ઉપરથી માટી વિગેરે દૂર કરી બહાર કાઢવામાં આવી. આ આશ્ચર્યજનક બનાવથી હજારો લોકો એકઠાં થયાં. આઠ દસ દિવસ પર્યન્ત તો ત્યાં મેળો ભરાયો. ગામોગામના લોકો આવવા લાગ્યા. એક ગામના ઠાકોરને થયું કે આ મૂર્તિ હું મારા ગામમાં લઇ જઉં, તેથી આઠ દસ માણસોએ મળી આ મૂર્તિને એક બેલ ગાડીમાં પધરાવી, પરન્તુ ગાડું ચાલે જ નહીં. ગામમાંથી બીજી બે બળદની જોડીયો આવી છતાં કોઈ અનેરા ચમત્કારથી ગાડું એક તસુ પણ આગળ

## પ્રાચીન જિનમન્દિરોના ભગ્ના-
## વશેષો યાને બંગાલનું જૈનત્વ

### ચૌમુખજી



આ ચૌમુખજી ઈજરી નદીના તટ પર છે. (ભોઝુડી ગ્રામથી એક માઈલ દૂર) અત્યન્ત પ્રાચીન હોવાથી આ કયા ભગવાનનું ચૌમુખજી છે તે જણાતું નથી.


## સરાક જાતિના કમલગડા ગ્રામના ઉદ્યાનમાં
## વીર સં. ૨૪૬૨માં ઉજવાયેલ શ્રી મહાવીરસ્વામી જન્મકલ્યાણક ઉત્સવ




તીર્થાધિરાજ શ્રી સમ્મેતશિખરજી (મધુવન) કારખાનાના સ્ટાફની મદદથી આ ઉત્સવ સમયે શ્રી પાર્શ્વપ્રભુની પંચકલ્યાણક પૂજા ભણાવાઈ હતી અને તેમાં સરાક જાતિના ભાઈઓ સહર્ષ ભાગ લઈ રહ્યા છે.

## ધર્મપ્રચારાર્થે

### સરાક જાતિના કમલગડાગ્રામમાં
### દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણક ઉત્સવ.
### વીર સંવત ૨૪૬૨




પરમ પૂજ્ય ન્યા. ન્યા. ઉપા. શ્રીમંગલવિજયજી મહારાજ સાહેબ "પ્રભુ શ્રી મહાવીર અને સરાક જાતિ" વિષય પર સરાક લોકોની સભામાં વ્યાખ્યાન આપે છે.

સરાક જાતિનાં મન્દિરોનો ખ્યાલ આપનાર

## પ્રાચીન મૂર્તિ



આ મૂર્તિ ઇજરી નદીના તટ પર બિરાજમાન છે.

## પ્રાચીન જિનમન્દિરોના અવશેષ


### શાસન અધિષ્ઠાત્રી

# શ્રી અંબિકા દેવી



આ શ્રી અંબિકા દેવીની પ્રાચીન મૂર્તિ પેજ નં. પાસે આવેલ શ્રી નમિનાથ ભગવાનની મૂર્તિની બાજુમાં ઈજરી નદીના તટ પર છે જેની ઊંચાઈ અને પહોળાઇ ૩૦ × ૧૮ ઇંચ છે.

## પ્રાચીન જિનમૂર્તિનો જોડો



દામોદર નદીના કિનારા પર અને સરાક જાતિના બેલુંજા ગામની પાસેના જંગલમાં પ્રાચીન જિનમન્દિરોના ટીલાઓમાંથી મળી આવેલ જિનમૂર્તિનો જોડો.

ચાલ્યું નહીં લોકોને કંઇ સમજ ન પડી. એક પછી એક એમ ત્રીશ બળદ જોડીઓ તે ગાડા સાથે જોડવામાં આવી. તડ-તડ-તડ રસ્સાઓ તુટવા લાગ્યા. અને લોકોનો ભક્તિ ભાવ વધવા લાગ્યો. લોકો અનેક પ્રકારની માનતાઓ માનવા લાગ્યા. આ મૂર્તિને લઈ જનારાઓનો પરિશ્રમ નિષ્ફળ ગયો અને આખરે કંટાળી પાછા ગયા. તે જ રાત્રે લઇ જવાની ઇચ્છા કરનાર વ્યક્તિને સ્વપ્ન આવ્યું કે હું ગાડામાં નહીં બેસું. મને તો તમે લોકો જ તમારી કાંધ ઉપર ઉપાડી લઇ જાઓ, પરન્તુ અહીંથી ઉપાડ્યા બાદ રસ્તામાં કોઇ જગ્યાએ મુકશો નહિ. જયાં લઇ જવા ઈચ્છા હોય ત્યાં જ લઇ જઇ ખંભાથી નીચે મૂકજો. બીજે દિવસે લોકોએ પોતાની (કાંધ) ખંભા ઉપર ઉપાડી. ફૂલની માફક હલકી જોઇ સૌને આશ્ચર્ય થયું, અને તે જગાએથી બે માઈલ આવ્યા બાદ થાક ખાવાની ઇચ્છાથી મૂર્તિ અહીં મૂકી. ત્યારથી જ તે મૂર્તિ ત્યાં સ્થિર રહી. પુનઃ લોકોએ ઉપાડવા કોશીશ કરી પરન્તુ મહેનત નિષ્ફળ જણાઇ. હજારો લોકો આ ચમત્કારથી પૂજવા લાગ્યા. લોકો કહે છે કે આ વાત બહુ જ પુરાણી છે. અમારા બાપના બાપ પણ કહેતા કે આ મૂર્તિ સેંકડો વર્ષો થયાં અહીં જ છે.

આ સિવાય બેલહટમાં એક સરાકના ઘરમાં એક પ્રાચીન મૂર્તિ અંદાજ એક ફુટની જોવામાં આવે છે. તે સિવાય દામોદર નદીના કિનારે કુમારડી ગામની બાજુમાં પણ પ્રાચીન જિનમૂર્તિઓના અને મન્દિરોના ભગ્નાવશેષો જોવામાં આવે છે. તેવી રીતે મોહાલમાંથી હાલમાં એક

ચૌમુખજી મલી આવ્યું છે. ( વિશેષ પ્રયાસ ચાલુ છે. )

## સરાક જાતિ ઉપર અન્ય ધર્મીઓનો પ્રભાવ અને જૈન ધર્મોપદેશકોનો અભાવ—

સરાક જાતિમાં વૃદ્ધ પુરૂષોના કથન મુજબ આ જાતિ પટણા, બીહાર અને રાજગૃહી વિગેરે તરફથી આ તરફ આવીને વસ્યા બાદ આ જાતિની આ તરફ વીસ–બાવીસ પેઢીઓની પરમ્પરા થઇ ગઇ છે, પરન્તુ અન્ય ધર્મીઓની છાયામાં આ જાતિ બહુ જ ઓછા પ્રમાણમાં આવી છે; નહીં તો બંગાલ દેશના અત્યારના વાતાવરણમાં હજારો વર્ષોથી રહેવા છતાં દારુ–માંસ–પ્યાજ–લસણ વિગેરેથી બચવું તે નાનીસૂની વાત નથી જ.

આ જાતિમાં તપાસ કરવાથી માલૂમ પડે છે કે આ જાતિ ધર્મગુરૂઓના ઉપદેશના અભાવે તથા ધાર્મિક અને જન્મ, લગ્ન અને મરણ જેવા વ્યવહારિક પ્રસંગોએ ક્રિયાકાંડ કરાવનારાઓની ખામીથી જ આ જાતિને અન્ય ધર્મીઓની છાયામાં થોડે ઘણે અંશે જરૂર આવવું પડ્યું છે. આ વાતની પ્રતિતી કેટલાક પ્રસંગો સંભળાય છે તે પરથી થાય છે. આ જાતિના જેરામ માંજીના મુખથી સાંભળેલ હેવાલ તેની ખાત્રી કરાવે છે.

તેઓ કહે છે કે આ જાતિ ઉપર્યુક્ત સ્થાનોથી કોઇ કારણને લીધે આ તરફ આવીને વસી ત્યારે આ તરફના હલકી યા ઉચ્ચ જાતિના અન્ય ધર્મીઓની સાથે પાણી લેવાદેવાનો વ્યવહાર નહીં હતો. આમ

ઘણા વખત સુધી ચાલ્યું, પરન્તુ અમોને વ્યવહારિક ક્રિયા કરાવનાર બ્રાહ્મણ યા પુરોહિત ગુરૂ કોઇ ન હોવાથી ઘણા વખત સુધી જન્મ, મરણ, લગ્ન વિગેરે પ્રસંગના ક્રિયાકાંડો વખતે પડતી મુશ્કેલીઓ અમોએ સહન કરી પરન્તુ અન્ય ધર્મીઓની હલકી જાતિઓ કહેતી હતી કે તમે નગુરા છો. અર્થાત્ તમોને ક્રિયા કરાવનાર ગુરૂ કે પુરોહિત નથી માટે અમે તમારા હાથનું પાણી નથી લેતા. ત્યારબાદ ઘણા સમય પછી—

કાશીપુર કરીને એક ગામ છે. ત્યાંના રાજાનો દિવાન સરાક જાતિનો હતો. એક વખતની વાત છે કે કાશીપુરના રાજાને અને રાજપુત્રને વૈમનસ્ય થયું. રાજાએ સરાક દિવાનને હુકમ કર્યો કે તમો ખાનગી રીતે પુત્રને મારી નાંખો અને તેનું લોહી લાવો કે જેનું હું તિલક કરૂં. આ વખતે દિવાન સરાક બુદ્ધિમાન હોવાથી રાજ-પુત્રને મારી નહીં નાંખતાં પોતાને ઘેર ખાનગી રીતે છુપાવી રાખ્યો અને રાજાને લાલ રંગનું પાણી બનાવી તે લોહી છે એમ સમજાવી શાન્તિ આપી. અમુક વર્ષો બાદ કાશીપુર ગામમાંથી બીજા ગામનો એક નાનો ભાયાત પોતાના પુત્રને હાથી ઉપર બેસાડી જાન (બરાત) લઇ બીજા ગામમાં લગ્ન કરવા જતાં નીકળ્યો. કાશીપુરના રાજાએ આ પ્રસંગ જોયો અને તેને પોતાનો પુત્ર યાદ આવ્યો અને રાજાએ સરાક દિવાનને બોલાવી હુકમ કર્યો કે મારા રાજપુત્રને પાછો આપો નહીં તો તમોને શિક્ષા થશે. સરાક દિવાને રાજપુત્રની શોધ માટે છમાસની

મુદ્દત માંગી અને જ્યારે જાણ્યું કે રાજાને રાજપુત્ર પર ઘણો પ્રેમ છે ત્યારે છ માસ બાદ રાજપુત્રને લઇ રાજા સમક્ષ સરાક દિવાન હાજર થયા. રાજા પોતાના પુત્રને જીવિત તથા ભણેલો-ગણેલો અને શસ્ત્રકળામાં પ્રવીણ જોઇ દિવાન સરાક ઉપર ખુશ થયો અને જે જોઇએ તે માંગવા જણાવ્યું. ત્યારે સરાક દિવાને જણાવ્યું કે અમારા જેવી ઉચ્ચ જાતિના હાથથી અન્ય જાતિઓ " તમે ગુરૂ વગરના છો માટે તમારા હાથનું પાણી નહી લેશું " એમ કહી પાણી નથી લેતી માટે આ રિવાજ બંધ કરાવો. આ રીતે પોતાની જાતિનું કષ્ટ રાજા પાસે રજૂ કર્યું. રાજાએ પોતાના રાજપુરોહિતને સરાક જાતિને અર્પણ કર્યો અને ત્યારથી જન્મ-લગ્ન-મરણાદિ ક્રિયા આ પુરોહિત કરાવવા લાગ્યો. ત્યારથી આ જાતિના હાથથી અન્ય જાતિ પાણી પીવા લાગી ( આ લગભગ સવાસોથી દોઢસો વર્ષની જ વાત છે. ) બસ ! ત્યારથી જ આ જાતિમાં વૈષ્ણવત્વની થોડીઘણી છાપ પડી. ત્યારબાદ આ પુરોહિતના પુત્રના આગ્રહથી એક મહાદેવનું મન્દિર લગભગ ત્રીશ વરસથી બાજરા ગામની પહાડી પાસે બન્યું છે, છતાં વૈષ્ણવત્વપણાનો પૂરેપૂરો પ્રભાવ પડ્યો નથી.

એક ધર્મમાંથી બીજા ધર્મમાં જવાની શરૂઆત ઉપર્યુક્ત રીતે થઇ યદિ જો તેઓને કોઇ ગુરૂની-વ્યવહારિક ક્રિયા-કાંડો કરાવવાની સગવડતા મલી હોત તો આ જાતિને અન્ય ધર્મનો આશ્રય લેવાની જરૂર ન પડત. તે સાફ જણાઇ આવે છે. અને પછી તો સમયના પ્રવાહમાં તેઓ ધીમે

ધીમે જૈન સંસ્કારો જૈન રીતરિવાજો ભૂલતા ગયા અને આ દેશની વિશેષ પ્રથા મુજબ અન્ય દેવ દેવીઓની માનતા નીચે વૈશ્નવ બનતા ગયા; છતાં હજી સમય છેક એવો નથી આવ્યો કે તેઓ પુનઃ જૈન ન બની શકે. જૈન સંસ્કૃતિની છાયા હજુ તેઓના જીવનમાં છે. જૈન દર્શનની પિપાસા જાગૃત કરવામાં આવે તો તે પિપાસા તૃપ્ત કરવાની તેઓમાં તમન્ના આવી શકે તેમ છે. પાંચ-સાત વર્ષમાં જ તેઓને પુનઃ જૈન બનાવી શકાય.

## સરાક જાતિનો વ્યવસાય અને આર્થિક સ્થિતિ—

આ જાતિનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. લગભગ ૯૫ ટકા જેટલી આ જાતિ ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આ જાતિમાં વધારેમાં વધારે ધનવાન ચાર-પાંચ હજાર સુધી હશે. કેટલાક તો નાના નાના જમીનદાર પણ છે. આ જાતિના પહેરવેશમાં સાદાઇ તથા બોલવાચાલવામાં સભ્યતા છે. આ જાતિમાં સંગઠન અને પંચાયતી બંધારણો હોવાથી જ દારૂ-માંસ અથવા એવા બીજા કુરિવાજોથી બચી રહી છે.

આ જાતિમાં ગરીબી બહુ જ જોવામાં આવે છે. તેમાં પણ વિધવા બ્હેનોની હાલત બહુ જ ખરાબ હોય છે. વલી હાલમાં થોડાં વર્ષોથી આ જાતિમાં શાકભાજી ઉત્પન્ન કરી વેચવાનો રિવાજ પણ ચાલ્યો છે. કે જેથી ગરીબ માણસને બે-ત્રણ આના જેવી નજીવી રકમથી રોજનું તેલ-નીમક-મરચાનું ખર્ચ ચાલી શકે. અને સેંકડે એક બે ટકા રેલ્વે કારખાનાઓમાં પણ નોકરી કરે છે.

## સરાક જાતિમાં શિક્ષાનો અભાવ—

આ જાતિની ભાષા મુખ્યતઃ અત્યારે બંગલા છે. સેંકડે એક ટકો હિન્દી અને એક ટકો ઇંગ્લીશ ભાષા જાણે છે. આ જાતિમાં ખેતીપ્રધાન વ્યવસાય હોવાથી વિદ્યા-પ્રચાર નથી. કોઇ કોઇ ગામમાં સરાક જાતિ તરફથી પાંચ-સાત રૂપીઆમાં એકાદ માસ્તર રાખી બંગલા ભાષા બે-ત્રણ ચોપડી સુધીનું શિક્ષણ આપે છે; પરંતુ વિશેષ રીતે બાલક-બાલિકાઓને શિક્ષણ આપવાનું જાતિ તરફથી કંઈ સાધન નથી. વલી રહ્યાં નાનાં-નાનાં ગામડા એટલે ગવર્નમેન્ટ યા સ્ટેટો તરફથી પણ વિશેષ પ્રબંધ જોવાતો નથી.

## સરાક જાતિમાં બંગાલીઓનો ચેપ—

આ જાતિ બંગાલ જેવા માંસાહારી પ્રદેશમાં રહેવા છતાં પ્રાચીન જૈનત્વના સુસંસ્કારોથી દારૂ-માંસ-પ્યાજ-લસણ વિગેરેથી બચવા પામી છે. પરન્તુ આ જાતિમાં એક ચેપ બંગાલીઓનો અવશ્ય લાગ્યો છે, આ જાતિનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. તેમાં પણ દેશાચાર પ્રમાણે ચાવલનો પાક કરવામાં આવે છે. ચાવલને વિશેષ પાણીની જરૂર રહે છે, તેથી બંગાલના ખેડૂત લોકો પોતાનાં ખેતરો પાસે-ગામ પાસે મોટાં મોટાં તળાવો રાખે છે. તે પ્રમાણે સરાક જાતિના હાથમાં પણ પોતાના ખેતરોમાં પાણી લેવા માટે તળાવો છે. જ્યાં પાણી હોય ત્યાં માછલાં સ્વાભાવિક જ હોય છે. આ જાતિ સાધારણ સ્થિતિની હોવાથી આ તળા-વના માછલાના ઠેકા પાંચ-સાત કે દસ રૂપીઆમાં

મચ્છીમારોને આપે છે. અને તે બદલ જે ધન આવે છે તે ધનથી તે તળાવમાં પાણીનો વધારે સંગ્રહ રાખવા માટે તળાવોને ખોદાવે છે. જો કે આ જાતિ આ પૈસાને હલકટ અને નીચ સમજી પોતાના ખાવાના કે ઘરકાર્યમાં વાપરતી નથી પરન્તુ તેઓનું આ કાર્ય નિન્દનીય ગણાય.

વલી આ દેશના વાતાવરણ અનુસાર સરાક લોકો કાલીદેવી–દુર્ગાદેવી અને સરસ્વતીની મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા છે; પરન્તુ તેમાં હિંસા વિગેરે કરતા નથી. ફળ–ફૂલ નૈવેદ્યદ્વારા કરે છે.

( તળાવના માછલાના અપાતા ઠેકાઓ સમ્બન્ધમાં પૂ. મહારાજશ્રીએ ઉપદેશ આપતાં દસ–બાર ગામોના લોકોએ ઠેકા આપવા બંધ કર્યા છે. )

## સરાક જાતિના હ્રાસનાં મુખ્ય કારણો—

પૂર્વદેશમાં જ્યારે કરોડો લાખો શ્રાવકો હતા તે જગ્યાએ આજે એક પણ શ્રાવક નથી તેનું શું કારણ છે? આ પ્રશ્ન વિચારવો અત્યારની જૈન સમાજને માટે ખાસ જરૂરી છે.

હું મારી તપાસ દરમ્યાન જાણી શકયો છું કે આ સરાક જાતિ પ્રથમ શ્રાવક હતી અને તેનાં હ્રાસનાં મુખ્ય બે જ કારણો છે.

સેનાધિપતિ સિવાયના સૈન્યની જેમ અધોગતિ થાય છે તેવી જ રીતે ધર્મ અને વ્યવહારમાં દોરનાર

સેનાધિપતિના અભાવે જ આ જાતિનો ધર્મહ્રાસ થયો છે. યાને આ જાતિને વ્યવહારિક તથા ધાર્મિક ક્રિયા કરાવનાર ગુરૂ–ઉપદેશક–યા સાધુના અભાવથી જ અન્ય ધર્મી-ઓનો આશરો લેવો પડ્યો છે.

બીજા નંબરના કારણમાં આ જાતિમાં કન્યાવિક્રયનો અતિશય ત્રાસ છે. ચાર, છ કે આઠ વરસની બાળ વિધવાઓ સિવાય ભાગ્યેજ કોઇ ઘર ખાલી હશે. આ જાતિમાં કન્યાઓનો કંઇક અભાવ હોવાથી રૂા ૨૦૦–૫૦૦ કે ૧૦૦૦ સુધી કન્યાવિક્રય થાય છે. આ પ્રથાથી આ જાતિનો ક્ષય થઇ રહેલો છે.

આ જાતિમાં વરસ બે વરસનાં બાલક–બાલિકાઓનાં પણ લગ્ન થાય છે, અને ભાગ્યયોગે આ બાલક મરણ પામે તો તે વરસ બે વરસની બાલિકાને પણ વૈધવ્ય પાલન કરવું પડે છે. આવા રિવાજોથી આ જાતિનો હ્રાસ ઝડપપૂર્વક થઇ રહ્યો છે.

યદિ જો કોઇ પુનર્લગ્ન કરે તો તેને જાતિથી બહિષ્કૃત કરવામાં આવે છે. બહિષ્કૃત થએલાં ઘરોની સંખ્યા વધારે પ્રમાણમાં નહીં હોવાથી હવે તે લોકો અન્ય ધર્મીઓની સાથે સમ્બન્ધ કરવા લાગ્યા છે.

ઉપર્યુક્ત રીતે આ જાતિનો હ્રાસ થઇ રહ્યો છે, છતાં હજી આ જાતિ પૂર્વદેશમાં લાખોની સંખ્યામાં રહેલી છે.

## જૈનોએ આ પોતાના પૂર્વના સાધર્મીઓને અપનાવવા શું કરવું જોઈએ?

આ જાતિમાં જેમ જેમ તપાસ કરતાં જઇએ છીએ તેમ તેમ નવીન પ્રકાશ પડતો જાય છે. અને જો આ તપાસ બારીકાઇપૂર્વક લખવામાં આવે તો આ ટ્રેકટ નહિ પરન્તુ ગ્રન્થ બને. પણ અત્રે મેં આ જાતિના પૂર્વ જીવનના ફેરફારની આછી રૂપરેખા માત્ર રજૂ કરી છે. એક વખતના જૈનો આજે કયાં અને કેવા સંયોગોમાં ઊભા છે? ધર્મગુરુઓના–સાધુઓના અભાવથી કાળબળ કેવું પરિવર્તન નોંધાવી રહેલ છે? તેનો ખ્યાલ ઉપર્યુક્ત વાંચનથી આવી શકશે.

વાસ્તવિક રીતે જોવામાં આવે તો સાફ જણાય આવે છે કે આપણા ઉપદેશકોની ખામીથી યા આપણી બેદરકારીથી જ આ ભાઇઓ આપણાથી બહુ જ દૂર પડી ગયા છે, છતાં આ ભાઈઓને અપનાવવા માટે કલકત્તા તથા ઝરીયા ખાતે જે જૈન ધર્મ પ્રચારક સભા નામની સંસ્થા સ્થાપન થઇ છે તે સંસ્થાની કમીટીને મદદ કરી સૌ કોઇ ભાઈઓ આ જાતિમાં પ્રભુ શ્રી મહાવીરના તત્ત્વોના પ્રચારાર્થે સાથ આપે. ॐ શાન્તિ! શાન્તિ!! શાન્તિ!!!

# પરિશિષ્ટ નં. ૧ નો

## અનુવાદ

૧૯૦૮ ઇ. સ. માં પુરી–ઉડીસા ગેઝેટ ૮૫ પૃષ્ઠમાં લખેલ છે કે–

અહીંઆ સરાક–જાતિ નિવાસ કરે છે. આ સરાક શબ્દ શ્રાવક શબ્દમાંથી બનેલો છે. જૈનમાં શ્રાવક તેને કહે છે કે સાધુથી ભિન્ન ગૃહસ્થ હોય તેને શ્રાવક કહે છે.

અહીં અનેક સરાક કાપડ વણવાનું કાર્ય કરે છે. તેને અહીં સરાક તાંતી કહે છે. આ લોકો બરાબર ચાર જગ્યાએ નિવાસ કરે છે. જેમઃ—૧ તાઇગીરીયા રાજ્ય, ૨ બારંભા રાજ્ય, ૩ કટકમાં બાલકી થાણામાં અને ૪ પુરીના પીલી થાણામાં.

આ લોકો દૃઢ શાકાહારી છે. તથા દર વર્ષે માઘ માસની સાતમને દિવસે આ લોકો શિખરગિરિમાં ઉપસ્થિત થાય છે અને મૂર્તિઓના સમૂહની પૂજા વિગેરે કરે છે. અને તે સ્થાન ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનના સ્તવ કરવાના સમયમાં એક ભજન બોલે છે.

તુમિ દેખો હે જિનેન્દ્ર, દેખીલે પાતક પલાય.
પ્રફુલ્લ હય કાય.
સિંહાસન છત્ર આછે, ચામર આછે જોટા.
દિવ્ય દેહ કેમન આછે, કિંવા શોભાય કોટા તુમિ૦ ૧
ક્રોધ માન માયા લોભ, મધ્યે કિછુ નાહિ.
રાગ દ્વેષ મોહ નાહિં, એમન ગોંસાઈ તુમિ. તુમિ૦ ૨

કેમન શાન્ત મૂર્તિ ઓટે, ઓલે સકલ ભાયા
કેવલી મુદ્રા એખન, સાક્ષાત દેખાય. તુમિ૦ ૩
આર (અપર) દેવેર સેવા હોતે, સંસાર બાઙ્ગય
પાર્શ્વનાથ દર્શન હોતે, મુક્તિ પદ પાય. તુમિ૦ ૪

---

## પરિશિષ્ટ નં. ૨

વીર સં. ૨૪૬૨ ના પોષ શુકલા ૫ થી વીર સં. ૨૪૬૩ ના ચૈત્ર શુકલા ૧૫ સુધીના પ્રચારનું

# દિગ્દર્શન

૧

સરાક જાતિનાં ભજૂડી–ઇચ્છોર–ઉપરડી–કમલગડા–કુમારડી–બેલહટ–બેલુંજા–દેહગ્રામ–પર્વતપુર–મોહાલ–ઉપરબાંધા–ચોધરીબાંધ વિગેરે ગામોમાં પરમપૂજ્ય ન્યાયવિશારદ ન્યાયતીર્થ ઉપાધ્યાયશ્રી મંગલવિજયજી મહારાજ સાહેબે વિચરી, **ભગવાન આદિદેવ–સરાક અને શ્રાવક શબ્દની વ્યાખ્યા–કુળદેવ શ્રી પાર્શ્વનાથ અને સરાકજાતિ–સરાક જાતિ અને અહિંસા–સરાક જાતિ અને તેમના ત્યાગી ગુરૂ–સરાક જાતિનો પ્રાચીન ઇતિહાસ–ગૌતમ-ગોત્ર, સરાક જાતિ અને ધર્મ–સરાક જાતિની ઉન્નતિના ઉપાયો**–વિગેરે વિષયો ઉપર વ્યાખ્યાનો આપી સરાક જાતિના લોકોને પોતાના પ્રાચીન ધર્મનું ભાન કરાવ્યું છે.

૨

સરાક જાતિના કમલગડા ગામે પૂ. મહારાજશ્રીના ઉપદેશથી શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણક ઉત્સવ

વીર સં. ૨૪૬૨ ના ચૈત્ર સુદ ૧૩ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. અને આ પ્રસંગે લગભગ સરાક જાતિનાં ૬૦ ગામોમાં ઉત્સવમાં ભાગ લેવા નિમંત્રણ કરવામાં આવ્યું હતું. આથી સરાક જાતિનાં લગભગ બે હજાર મનુષ્યોએ આ ઉત્સવમાં ભાગ લીધો હતો. અને તેઓની જ અનુમતિથી દેવાધિદેવ શ્રી પાર્શ્વપ્રભુની મૂર્તિની પૂજા ઝરીયાનિવાસી ધર્મપ્રિય ઘેલાભાઇ તરફથી ઠાઠમાઠથી ભણાવવામાં આવી હતી. ભજૂડીના શ્રાવકો તરફથી સરાક જાતિને નાસ્તો અને પૂજામાં પ્રભાવના કરવામાં આવી હતી, તથા ઝરીયા–ભજૂડી–મહુદા–પથરડી–કાનડા વિગેરે સ્થળોથી ઉત્સવમાં ભાગ લેવા આવેલ શ્રાવકોને તથા સરાક જાતિના તમામ લોકોને માટે ઝરીયાનિવાસી શેઠ કાલીદાસ જસરાજ તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. તથા પૂ. મહારાજશ્રીનાં **સરાક જાતિ અને પ્રભુ પાર્શ્વનાથ–સરાક જાતિ અને પ્રભુ મહાવીર** એ બે વ્યાખ્યાનો થયાં હતાં–રાત્રે સરાક જાતિના તરફથી બંગલા ભાષામાં ભાવના હતી. આ વખતે મધુવન જૈન શ્વે. કોઠીના સ્ટાફે પૂર્ણ બંદોબસ્ત રાખ્યો હતો.

૩

સરાક જાતિના લોકોની માંગણીથી કમલગડા અને ઇચ્છોર ગામના સરાકોને પૂ. મહારાજશ્રીના ઉપદેશથી શેઠ કાલીદાસ જસરાજે તીર્થાધિરાજ શ્રી સમ્મેતશિખર તીર્થની યાત્રા કરાવી હતી.

**મહારાજશ્રી મહુદા પધાર્યા ત્યારે પૂ. મહારાજશ્રી**

ની પ્રેરણાથી બેલહટ અને કુમારડીના સરાકોને મહુદાનિવાસી ભાઇ ઝવેરચંદે શ્રી સમ્મેતશિખરજી તીર્થની યાત્રા કરાવી હતી. યાત્રા કરતાં તેઓને તેઓના ગોત્રદેવ અને કુળદેવનાં નિર્વાણ સ્થાનો બતાવ્યાં હતાં અને તમામ સરાક લોકોએ સેવાપૂજા કરી હતી. તેમજ પૂ. મહારાજશ્રી પાસે દરવર્ષે યાત્રા કરવાના નિયમો કર્યા હતા.

૪

સરાક જાતિનાં ગામોમાં અને તેની આસપાસનાં જંગલો-માંથી પૂ. મહારાજશ્રી તથા વ્યાકરણતીર્થ પં. સોમચંદ અમીચંદે પ્રાચીન જિનમન્દિરોના તથા મૂર્તિઓના ભગ્નાવશેષો પ્રાપ્ત કર્યા છે.

૫

સરાક જાતિની માંગણીથી તે જાતિના ગોત્રદેવ શ્રી આદિનાથ ભગવાન તથા તે જાતિના કુળદેવ શ્રી પાર્શ્વનાથ ભગવાનના ફોટાઓ જે શેઠ મોતીચંદ વીરચંદ કરાડવાલા તરફથી ૨૫૦ તથા મેઘજી હીરજી બુકસેલર તરફથી ૧૦૦ ભેટ આવેલ તે વહેંચવામાં આવ્યા છે. તેમજ શ્રી આદિનાથ તથા પાર્શ્વપ્રભુનાં હિંદિ જીવન ચરિત્રો તથા જૈન રામાયણ વિગેરે પુસ્તકોનો પ્રચાર કરવામાં આવ્યો છે.

૬

સરાક જાતિના ગામોમાં પં. સોમચંદ અમીચંદ વ્યાકરણતીર્થ મુસાફરી કરી સરાક જાતિના લોકોમાં ધર્મપ્રચાર કરે છે.

૭

પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી કલકત્તામાં તથા ઝરીયાનાં સરાક જાતિ માટે એક જૈન ધર્મ પ્રચારક મંડલ નામની બે સંસ્થાઓ સ્થાપન થઇ છે. અને તે બંને કમીટીના ગૃહસ્થોએ સરાક જાતિના કમલગડા ગામે જઇ સરાક જાતિ વિષે તપાસ કરી છે.

૮

પૂ. મહારાજશ્રીએ સરાક જાતિના ભઝુડી ગામમાં ચાતુર્માસ કર્યું હતું, જ્યાં અવાર-નવાર કમલગડા-ઉપરડી-બેલહટ-કુમારડી-મોહાલ વિગેરે ગામોના સરાક લોકોએ પૂ. મહારાજશ્રીના ઉપદેશનો લાભ લીધો હતો.

૯

કુમારડી-બેલહટ-દેવગ્રામ-અને મોહાલ નામના ગામોમાં પાઠશાલાઓ સ્થાપન કરી છે અને સરાક જાતિમાં વધારે પાઠશાલાઓ સ્થાપન કરી ધાર્મિક સંસ્કારો ઉત્પન્ન કરવા માટેનો પ્રયાસ ચાલુ છે.

૧૦

ધર્મપ્રિય શેઠ. કાલીદાસ જસરાજ તથા પં. સોમચંદ અમીચંદ વીર સં. ૨૪૬૨ દીપમાલિકાના પ્રસંગે પાવાપુરી શ્રી વીરનિર્વાણોત્સવની યાત્રા કરવા સરાક ભાઇઓને લઇ કમીટી તરફથી ગયા હતા. કલકત્તાનો વીર સં. ૨૪૬૩ ના કાર્તિક પૂર્ણિમાની રથયાત્રા કેટલાક સરાક ભાઇઓને કમીટીએ કરાવી છે. આથી આ સરાક લોકોએ પોતાના જાતિ ભાઇઓમાં તીર્થની મહિમાનો પ્રચાર કર્યો છે, કરે છે.

## પરિશિષ્ટ નં. ૩

## શ્રી જૈન ધર્મ પ્રચારક મંડલ યાને સરાક જાતિ પ્રચારક મંડલના જનરલ કમીટીના સભ્યોની નામાવલી.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમાન શેઠ નરોત્તમદાસ જેઠાભાઈ | | | કલકત્તા |
| ૨ | ,, ,, કેશવજીભાઇ નેમચંદ | (ટ્રેઝરર) | | ,, |
| ૩ | ,, બાબૂ ગણેશલાલજી નાહટા | (સેક્રેટરી) | | ,, |
| ૪ | ,, શેઠ હેમચંદભાઈ સવચંદ | ( ,, ) | | ,, |
| ૫ | ,, બાબૂ નરેન્દ્રસિંહજી સિંધી | મેમ્બર | | ,, |
| ૬ | ,, ,, દયાચંદજી પારખ | ,, | | ,, |
| ૭ | ,, ,, ઉદયચંદજી રામપુરીયા | ,, | | ,, |
| ૮ | ,, ,, રિષભદાસજી હીંગડ | ,, | | ,, |
| ૯ | ,, ,, વિજયસિંહજી નાહર | ,, | | ,, |
| ૧૦ | ,, ,, સોહનલાલજી સિંધી | ,, | | ,, |
| ૧૧ | ,, ,, ફત્તેહચંદજી કોચર | ,, | | ,, |
| ૧૨ | ,, ,, ભંવરલાલજી નાહટા | ,, | | ,, |
| ૧૩ | ,, શેઠ છગનલાલ ફુલચંદ | ,, | | ,, |
| ૧૪ | ,, બાબૂ ઉદયચંદજી બોથરા | ,, | | ,, |
| ૧૫ | ,, શેઠ મણીલાલ ધરમચંદ | ,, | | ,, |
| ૧૬ | ,, ,, કેશવલાલ ધારશી | ,, | | ,, |

સ્થાનિક કમીટીના સભ્યોની નામાવલી

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રીમાન શેઠ શિવલાલ કાલીદાસ | પ્રમુખ. | ઝરીઆ |
| ૨ | ,, બાબૂ લક્ષ્મીચંદજી સૂચન્તી | ઉપપ્રમુખ | બીહારશરીફ |
| ૩ | ,, બાબૂ રાજસિંહજી શ્રીમાલ | સેક્રેટરી અને ટ્રેઝરર. | મહોદા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | શ્રીમાન | ભાઇ ચત્રભુજ મોતીચંદ | | સેક્રેટરી | ઝરીયા |
| ૫ | ,, | ,, | ભગવાનદાસ | સેક્રેટરી | ,, |
| ૬ | ,, | ,, | ઘેલાભાઈ દેવકરણ | મેમ્બર | ,, |
| ૭ | ,, | શેઠ ઝવેરચંદ તારાચંદ | | ,, | ,, |
| ૮ | ,, | ,, | સોમચંદ કુંવરજી | ,, | ઝરીયા |
| ૯ | ,, | ભાઈ લાલજી રામજી | | ,, | જામાડોબા |
| ૧૦ | ,, | ,, | મણીલાલ રાઘવજી કોઠારી | ,, | બેરમો |
| ૧૧ | ,, | ,, | હીરાચંદ મોતીચંદ | ,, | કુસરૂ |
| ૧૨ | ,, | ,, | વનેચંદ વેલજી મહેતા | ,, | ભજૂડી |
| ૧૩ | ,, | ,, | ચાંદમલજી ચોપડા | ,, | મધુવન |
| ૧૪ | ,, | ,, | અમૃતલાલ કાલીદાસ | ,, | ઝરીયા |
| ૧૫ | ,, | ,, | ઉમેદલાલ શીવલાલ સંઘવી | ,, | ,, |
| ૧૬ | ,, | ઈસરી પેઢીના મુનીમ રાયસાહબ રૂદપ્રસાદજી | | | |

### સરાક-જાતિમાં પ્રચાર કરી રહેલ

# શ્રી જૈન ધર્મ પ્રચારક મંડલને

## તમો ક્યા પ્રકારથી મદદ કરી શકો છો ?

પાઠશાળાઓ અને બોર્ડીંગો ખોલવામાં—જિનમન્દિરોનાં સાધનો કરી આપવામાં, પ્રચાર માટે ઉપદેશકો રાખવામાં—પ્રાચીન જિનમન્દિરો અને મૂર્તિઓની શોધખોળ કરવામાં, ગરીબ સરાકોને—વિદ્યાર્થીઓને મદદ કરવામાં—ધર્મ પ્રભાવનાર્થે ઉત્સવો કરવામાં—પૂજ્ય મુનિમહારાજાઓને સરાક-જાતિમાં વિચરવાની સગવડતા કરી આપવામાં—ધાર્મિક પુસ્તકોના બંગલા ભાષામાં અનુવાદો કરી છપાવવામાં—ગરીબ વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ કરવા સ્કોલરશીપો આપવામાં—સરાક-જાતિમાંથી જૈન ધર્મના ઉપદેશકો તૈયાર કરવા ગુરૂકુળો ખોલવામાં—

વિગેરે પ્રચારકાર્ય કરવા માટે આપ આપની લક્ષ્મીનો ઉદારતાપૂર્વક લાભ લઇ નીચેના સીરનામે

| મદદ મોકલો— | પત્રવ્યવહાર કરો— |
| --- | --- |
| ટ્રેઝરર, | સેક્રેટરી, |
| ૧ શેઠ કેશવજીભાઇ નેમચંદ<br>નં. ૪૮, ધુઝરા સ્ટ્રીટ, કલકત્તા | ૧ બાબુ ગણેશલાલજી નાહટા<br>નં. ૪-૫ જેકસન લેન<br>કલકત્તા |
| ૨ શેઠ કાલીદાસ જસરાજ<br>(માનભૂમ) ઝરીયા | ૨ બાબુ રાજાસિંહ શ્રીમાલ<br>ભોરીંગીયા કોલયારી.<br>P.O. મહોદા B N.Ry. |